પેન્શનના લાભો.

જુની નગરપાલિકાઓમાંથી રુપાંતર પામેલી ગ્રામ અને નગર પંચાયતોના કર્મચારીઓને આપવા બાબત...

ગુજરાત સરકાર,
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ નપમ-૧૦૮૩-૧૩૩૦-ક,
સચિવાલય, ગાંધીનગર.
તાઃ ૨૪/૫/૧૯૯૨.

વંચાણમાં લીધો :- ભુતપુર્વ પંચાયત વિભાગનો તાઃ ૧૭-૭-૧૯૮૩ નો ઠરાવ ક્રમાંકઃ નપમ-૧૦૮૩/૧૩૩૦-ક.૧.

ઠરાવ :-

આમુખમાં દર્શાવેલા તાઃ ૧૭-૭-૧૯૮૩ ના ઠરાવથી જુની નગરપાલિકાઓમાંથી રુપાંતર પામેલી ગ્રામ અને નગર પંચાયતોમાં તાઃ ૧/૪/૧૯૬૩ પહેલાં નિમણુંક પામેલા અને / અથવા અવસાન પામેલા કર્મચારીઓને તાઃ ૧/૨/૧૯૬૬ થી સરકારી કર્મચારીઓ જેવી પેન્શન યોજના લાગુ કરવાના આદેશો કરવામાં આવેલા છે. આ હુકમો આવા રુપાંતરિક ગ્રામ અને નગર પંચાયતોમાં તાઃ ૧/૪/૧૯૬૩ બાદ નિમણુંક પામેલા કર્મચારીઓને લાગુ પાડવાનો પ્રશ્ન રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે અને આ બાબતમાં આખરી આદેશ કરવામાં આવે તે દરમ્યાન આવી રુપાંતરિત ગ્રામ અને નગર પંચાયતોમાં તારીખઃ ૧/૪/૧૯૬૩ બાદ નિમણુંક પામેલા અને ત્યારબાદ નિવૃત્ત થયેલા કે અવસાન પામેલા કર્મચારીઓને / તેમના વારસદારોને એડહોક ધોરણે માસિક લઘુત્તમ પેન્શન ચુકવવાનો પ્રશ્ન રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતો. આ બાબતમાં સહાનુભુતિપુર્વક વિચારણા કર્યા બાદ રાજ્ય સરકારે આવા કર્મચારીઓને / તેમના વારસદારોને તદ્દન કામચલાઉ ધોરણે તાઃ ૧/૮/૧૯૯૧ થી માસિક રૂ. ૭૫/- નું એડહોક પેન્શન ચુકવવાનો નિર્ણય કર્યો છે. આ ચુકવણી નીચેની શરતોને આધીન રહીને કરવાની રહેશે.

(૧) જે નિવૃત્ત કર્મચારી અથવા અવસાન પામેલા કર્મચારીના વારસદાર તારીખઃ ૧૭-૭-૮૩ ના ઠરાવ હેઠળ આપેલા નમુના પ્રમાણે પેન્શન યોજના સ્વિકારવા વિકલ્પ આપે તેમને જ આ એડહોક રકમ મળવાપાત્ર થશે.

..૨/-

(૨) તા: ૧/૮/૧૯૯૧ પહેલાં અવસાન પામેલ કર્મચારીની વિધવાએ પુનઃ લગ્ન કરેલ નહીં હોય તેમને જ આ હુકમો અન્વયે મળવાપાત્ર રકમ ચુકવવાની રહેશે અને આ હુકમોબાદ તેણી પુનઃલગ્ન કરશે તો તારીખથી આવી ચુકવણી બંધ કરવાની રહેશે.

(૩) અવસાન પામેલ કર્મચારીની વિધવા સિવાયના અન્ય કોઈ વારસદારને આવી એડહોક રકમ ચુકવવાની રહેશે નહીં. પરંતુ તેવા કિસ્સામાં પેન્શન કેસનો આખરી આખરી નિકાલ થયા બાદ નિયમાનુસાર મળવાપાત્ર કુટુંબપેન્શન તથા ગ્રેજ્યુઈટી ચુકવવાની રહેશે.

(૪) કર્મચારીના પેન્શન કેસની ચકાસણી કરતી વખતે જો પેન્શન મળવાપાત્ર થતું નહીં હોય તો આ હુકમો હેઠળ ચુકવાયેલી તમામ રકમ પરત કરવામાં આવશે તેવી બાંહેધરી સંબંધિત કર્મચારી અથવા વારસદારે આપવાની રહેશે, ત્યારબાદ જ એડહોક પેન્શન ચુકવવાનું રહેશે.

(૫) એડહોક પેન્શન ચુકવણીના હુકમો જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કરવાના રહેશે અને જિલ્લા તિજોરી અધિકારીને મોકલવાના રહેશે જેના આધારે તિજોરી અધિકારી / પેટા તિજોરી અધિકારીએ ચુકવણી કરવાની રહેશે.

(૬) આ હુકમોનો લાભ સક્ષમ અધિકારીની પુર્વમંજુરીથી ઊભી કરવામાં આવેલી પુર્ણકાલીન જગાઓ ઉપર પુર્ણકાલીન ધોરણે નિયમિત પગારધોરણમાં ફરજ બજાવતા કર્મચારીઓને જ મળવાપાત્ર થશે. સંબંધિત કર્મચારી જે જગા પર મુળ નિમણુંક પામેલ હોય તે જગ્યા અને / અથવા જે જગા પરથી નિવૃત્ત થયેલ હોય તે જગા ઊભી કરવા માટે રાજ્ય સરકાર, ભુતપુર્વ વિભાગીય કમિશનરશ્રી, વિકાસ કમિશનરશ્રી, કલેક્ટરશ્રી, અથવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીની પુર્વમંજુરી / પશ્ચાતમંજુરી મેળવવામાં આવેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની જવાબદારી સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીની રહેશે અને આવી જગા પર બજાવેલ ફરજો જ પેન્શનપાત્ર ગણવાની રહેશે.

(૭) આ હુકમો થયા અગાઉ જે પંચાયતોનું નગરપાલિકામાં રુપાંતર થયેલ છે તેવી પંચાયતોનું નગરપાલિકામાં રુપાંતર થયા અગાઉ નિવૃત્ત થયેલા કે અવસાન પામેલ કર્મચારીઓને જ આ હુકમોનો લાભ મળવાપાત્ર થશે અને નગરપાલિકામાં રુપાંતર થયા બાદ નિવૃત્ત થયેલા કે અવસાન પામેલ કર્મચારીઓને આ હુકમોનો લાભ મળવાપાત્ર થશે નહીં.

૮) જ્યાં સુધી સંબંધિત કર્મચારીના પેન્શન કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી માસિક રૂ. ૩૭૫/- ની રકમ સિવાય અન્ય કોઈ વચગાળાની રકમ ચુકવવાની રહેશે નહીં અને પેન્શન કેસનો આખરી નિકાલ થયા બાદ ચુકવવાની થતી પેન્શનની રકમમાંથી આ રકમ સરભર કરવાની રહેશે.

૨/- આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર ' ૨૦૭૧- પેન્શન અને અન્ય નિવૃત્તિલાભ - ૦૧- મુલ્કી '' હેઠળના ગૌણ સદરો (૦૧) વયનિવૃત્ત અથવા (૧) પંચાયત કર્મચારીઓને વયનિવૃત્ત અને નિવૃત્તિભથ્થા '' તથા '' (૦૫) - કુટુંબ પેન્શન (૧) (૪) પંચાયત કર્મચારીઓને કુટુંબ પેન્શન '' હેઠળ પાડવાનો રહેશે અને તે હેઠળ ચાલુ નાણાકીય વરસ માટે કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૩/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરથી નાણાં વિભાગની તારીખ : ૨૩-૧-૧૯૯૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રમણ વાર્ણે )
ઉપસચિવ,
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિ.

પ્રતિ,

- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- નાણાં વિભાગ ( પી. શાખા) સચિવાલય, ગાંધીનગર.
- નાણાં વિભાગ ( ક- શાખા) સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી, પં. અને ગ્રા. ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ( ગાંધીનગર અને ડાંગ સિવાય )
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ ( ગાંધીનગર અને [illegible] સિવાય )

સરપંચશ્રી / અધ્યક્ષશ્રી, ગ્રામ / નગર પંચાયત, [illegible]
પ્રમુખશ્રી, નગરપાલિકા, જિલ્લો.
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની સર્વે શાખાઓ ( ક- શાખા સિવાય )
સિલેક્ટ ફાઈલ.